સંદેશ

Date: 01 August, 2017 Page # 9

### સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ૬, ફેમિલી બિઝનેસમાં ૩ ગયા

# IIT-RAMના ૨૩ વિદ્યાર્થીઓને ૧૦.૫૦ લાખના પેકેજ ઓફર થયાં

■ **પ્રથમ બેચમાં ૧૭ વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ પર પસંદગી ઉતારી**

અમદાવાદ, તા. ૩૧

રાજ્ય સરકાર સ્થાપિત અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજિ રિસર્ચ એન્ડ મેનેજમેન્ટની પ્રથમ બેચ બહાર પડી છે. પ્રિમિયર ઈન્સ્ટિટ્યૂટમાં સ્થાન પામતી આ સંસ્થાના પ્રથમ બેચના ૫૨ વિદ્યાર્થીઓ ઉત્તિણ થયા બાદ કેમ્પસ પ્લેસમેન્ટ થતાં ૨૩ વિદ્યાર્થીઓને રૂ.૨.૧૬ લાખથી માંડીને રૂ.૧૦.૫૦ લાખના પેકેજ ઓફર થયાં છે.

૨૦૧૩માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કોલેજનું ઉદઘાટન કર્યું હતું. સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ બ્રાંચથી શરૂઆત કર્યા બાદ ૨૦૧૬થી મિકેનિકલ એન્જિનિયરિંગ પણ બ્રાંચ શરૂ થઈ છે. બન્ને કોર બ્રાંચના ૫૨ પૈકી ૧૭ વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ માટે કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી, જ્યોર્જિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજિક, ટેક્સાસ યુનિવર્સિટી, આઈઆઈએમ-લખનઉ, સેપ્ટ જેવી સંસ્થામાં જવાનું પસંદ કર્યું હતું. ૬ વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવાનું પસંદ કર્યું. જ્યારે આંત્રપ્રિન્યોરશીપ અને ફેમિલી બિઝનેસમાં ૩ વિદ્યાર્થીઓ ગયા હતા.

૨૪ વિદ્યાર્થી પૈકી ૨૩ને પ્લેસમેન્ટ મળ્યું છે. સિવિલ એન્જિનિયરિંગમાં ૮ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ અપાયું હતું. ટોચની કંપનીઓએ રૂ.૨.૧૬ લાખથી માંડીને રૂ.૪.૫ લાખના વાર્ષિક પેકેજ મળ્યાં છે. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ૧૬ પૈકી ૧૫ વિદ્યાર્થીને પ્લેસમેન્ટ મળ્યું હતું. જેમાં ઉમેદવારોને રૂ.૨.૧૬ લાખથી માંડીને રૂ.૧૦.૫૦ લાખના પેકેજ મળ્યાં છે. સિવિલના ૨૪ વિદ્યાર્થી પૈકી માત્ર ૮ વિદ્યાર્થીઓએ નોકરી કરવામાં રસ દર્શાવ્યો હતો. જ્યારે ૧૬ વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવાનું પસંદ કર્યુ હતું. ઈલેક્ટ્રીકલમાં ૨૬ પૈકી ૧૫ વિદ્યાર્થીઓએ નોકરી કરવાનું પસંદ કર્યુ હતું. તેની સામે માત્ર ૧૦ વિદ્યાર્થીઓએ જ ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવામાં રસ બતાવ્યો હતો. વધુ પગાર માટે સિવિલના વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી ઉચ્ચ અભ્યાસ રહી છે. ટીબીઈએ એનર્જી, હાઈટેક આઈ સોલ્યુશન્સ, ઈન્ફીનાઈટ સિવિલ સોલ્યુશન, માર્સ કન્સલ્ટન્સી, ઈએસપીએસ, જીએસએફસી, ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ લી., માઈલોપલ ટેકનોલોજીસ, ક્યુબોલ, મેક્સિસ, ટોપસન એનર્જી લી., આર.કે.કન્સ્ટ્રકશન, ટોરન્ટ પાવર.